**નાટક સમયસાર**

**શિબિર–૨૧ નિર્જરા દ્વાર (છંદ ૩૬–૪૬)**

**પ્રવચન–૧ તા. ૨૨–૧૧–૨૫ સવાર**

Episodes 244 - 247

Episode 244

## Be Aware of Mental Narratives

તત્ત્વનિર્ણય

* નિર્ણય of સ્વરૂપ
  - Eg. હું નિર્મળ screen છું
  - Without stopping projector - inspite of film
* હું શુદ્ધ સ્વરૂપી છું
  - વિકલ્પોના સમયે પણ શ્રુતિ, યુક્તિ, અનુભૂતિ યુક્તિ અને આગમથી

* Begin with ભેદજ્ઞાન of
  - Eg. Fact and story
  - Fact is તથ્ય - story is mental narratives
* You create story over a fact
  - You are writer and hero
  - World is villain
* So consider fact as
  - Problem
  - Accuse Blame Condemn
* Storyને fact માની લીધું
  - Need to do ભેદજ્ઞાન
  - Aware of mental narrative
* Solution
  - See from તત્ત્વદષ્ટિ
  - Leading to calm cheerful - સ્વીકાર સાક્ષી

* મિથ્યા માન્યતા
  - Eg. ગ્રહણ = earth - moon - sun
  - Sun moon not doing anything
  - Not કર્તા - not ભોક્તા
  - Your મિથ્યા કલ્પના of right / wrong, good / bad
  - Makes you સુખી / દુ:ખી

* મિથ્યા માન્યતાના કારણે
  - પુણ્યનો આધાર
  - But not dependable
  - Eg. Car start - not start
* પુણ્ય પણ સજા
  - Eg. ૨ પાંડવ - ૩૩ સાગર

* અધ્યાત્મ = art of living

  Acceptance - observer
* Go deep in seas for મોતી

  Deep in these છંદ

# Episode 245

**છંદ ૩૬**
**જ્ઞાની સદા અબંધ છે**

**છંદ ૩૭**
**વળી**

## જ્ઞાની સદા અબંધ છે

* જ્ઞાની મનના વિકારોને
  નષ્ટ કરી - જ્ઞાનદશામાં મસ્ત રહે છે
* તેમના વ્યવહારો ઉદાસીનભાવે
  થાય છે - તેથી કર્મબંધ થતો નથી

---

* સ્વભાવમાં રાગાદિ નથી
  એમ જાણતાં - સ્થિર થતાં
  પર્યાયમાં ટળતા જાય છે
  પર્યાયદૃષ્ટિ જાય - ત્યારે પર્યાય સુધરે
* જ્ઞાનમાં મગ્ન રહે છે
  તેથી રાગાદિ દેખાતા નથી
  તેથી ટળતા જાય છે

---

* જે ક્રિયા કરે તે
  - કર્મના ઉદયનું ફળ સમજી
  - ઉદાસીનભાવે કરે - તેથી no કર્મબંધ
* નિશદિન આત્મપ્રતીતિના કારણે
  - કર્મફળ ભોગવતાં છતાં અલિપ્ત
  - શુભથી શુદ્ધોપયોગ થતો રહે છે
* કર્મપ્રેરિત / not ઈચ્છાપ્રેરિત
  - Eg. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી
  - Eg. અરિહંતને પણ બોલવા / ખાવા / ચાલવા
* ગુણસ્થાનક પ્રમાણે હોય
  - Eg. Robot does ક્રિયા
    but no પરિણામ - તેમ
* ઉદાસીન = not મોઢું serious
  - પરમાણુમાત્રમાં સુખબુદ્ધિ નહીં
  - So એકત્વ નહીં - નવો કર્મબંધ નહીં

## વળી

* જ્ઞાનરૂપ દીપક -
  a) મોહરૂપ મહા અંધકારનો નાશ કરે છે
  b) સુબુદ્ધિરૂપ પ્રકાશ ફેલાવે છે અને
  c) મોક્ષમાર્ગ તેનાથી પ્રગટ થાય છે

---

* સમ્યક્ જ્ઞાન
  Not ક્ષયોપશમ જ્ઞાન (બૌદ્ધિક)
  Not શુષ્કજ્ઞાન (only memory)
  Not શાસ્ત્રજ્ઞાન (without પરિણમન)
* સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં
  a) મોહરૂપ મહા અંધકાર ટળે
     દર્શનમોહ નાશ - ચારિત્રમોહ મંદ
  b) સુબુદ્ધિરૂપ પ્રકાશ
     ભૂત-ભાવિના વિકલ્પો મટતાં
     શાંતતા પ્રગટે છે
  c) મોક્ષમાર્ગ પ્રગટ થાય
     રત્નત્રયને પ્રગટ કરે
     ચારિત્રને ખેંચી લાવે છે

# Episode 246

## <u>છંદ ૩૮</u>

## જ્ઞાનરૂપી દીપકની પ્રશંસા

| જ્ઞાનની પ્રશંસા | |
|---|---|
| * જ્ઞાનની જ્યોતિ કેવી છે?<br>a) જેમાં ધુમાડો નથી<br>b) જેને વાયુ બુઝાવી શકતો નથી<br>c) પતંગિયાંઓનો પલકમાં નાશ કરી નાંખે છે<br>d) વાટ પણ બળતી નથી<br>e) ઘી/તેલની જરૂર પડતી નથી<br>f) અંધકાર નાશ થાય છે<br>g) તપ્તપણું નથી<br>h) લાલિમાનો અંશ નથી<br>* જ્ઞાનજ્યોતિ<br>a) સમતા / સમાધિ / યોગ સદૈવ પ્રકાશિત છે<br>b) સ્વયંસિદ્ધ આત્મામાં<br>c) અખંડપણે જલી રહી છે<br>d) આત્મામાં સ્ફુરિત થાય છે<br>શરીરમાં નહીં | * સમ્યક્ જ્ઞાનરૂપી જ્યોતિમાં<br>a) ધુમાડો નથી<br>- સંશયાદિ નથી, ધુમાડો નથી<br>b) પવનથી બુઝાતી નથી<br>- બાહ્ય પરિસ્થિતિથી બુઝાતી નથી<br>c) પતંગિયાં ક્ષણવારમાં નાશ પામે છે<br>- કર્મોનો પલકમાં નાશ કરે છે<br>d) તેમાં વાટ નથી<br>- વિકલ્પદશા નથી<br>e) ઘી આદિની જરૂર નથી<br>- બહારથી જ્ઞાનની જરૂર નથી<br>f) અંધકાર નાશ કરે છે<br>- અજ્ઞાનનો નાશ કરે છે<br>g) તપ્તપણું નથી<br>- દુઃખ/તાપ નથી<br>h) લાલાશ નથી<br>- રાગાદિની લાલાશ નથી<br>* તે જ્ઞાનજ્યોતિમાં<br>a) શાંતરસરૂપ - સમાધિરૂપ છે<br>- In all situations/ દ્વંદ્વો like<br>જન્મ-મરણ/યશ-અપયશ/અનુકૂળ-પ્રતિકૂળ<br>સમભાવ રહે છે<br>b) સદા જાગૃત - અભંગરૂપ<br>- જડ/ચેતનને જેમ છે તેમ જાણે છે<br>c) નિરાધાર છે<br>- પોતાના જ આધારે<br>- પુદ્ગલના આધારે નહીં<br>d) આત્મામાં પ્રગટે છે<br>- શરીરમાં નહીં<br>સ્વયંસ્ફુરિત |

# Episode 247

## <u>છંદ ૩૯</u>

## <u>જ્ઞાનની નિર્મળતા પર દૃષ્ટાંત</u>

<u>જ્ઞાનની નિર્મળતા - દૃષ્ટાંત</u>

* જે દ્રવ્ય જેવું હોય
  તેવો જ તેનો સ્વભાવ હોય છે
* એક દ્રવ્ય - બીજા દ્રવ્યના
  સ્વભાવને ગ્રહણ કરતું નથી

---

* Eg. જેમ શંખ અનેક પ્રકારની
  માટીથી લેપાયેલા હોય છે
  પણ સદૈવ ઉજ્જ્વળ જ રહે છે
* તેવી રીતે જ્ઞાની જીવ
  અનેક પ્રકારના ભોગવિલાસને
  ભોગવે છે / પરિગ્રહ રાખે છે
* પણ તે અજ્ઞાની
  થઈ જતા નથી

---

* અનાસક્તભાવે ભોગવતાં
  a) જ્ઞાનદશા વધુ ને વધુ નિર્મળ થાય છે
  b) શરીરભાવ ઘટતો જાય છે
  c) ભવપરંપરા ઓછી થઈ જાય છે
  એમ બનારસીદાસજી કહે છે

---

* Eg. જ્ઞાન like દર્પણ
  Reflects all - but not become like it
  Eg. અગ્નિ / મળ - પણ તે રૂપ નહીં
* Eg. જ્ઞાન like આંખ
  મૃતદેહને જુએ પણ
  સૂતક લાગે નહીં

---

* કેવળજ્ઞાનમાં તો અનંત દ્રવ્ય reflect
  પણ તે રૂપ થાય નહીં
  પોતાના સ્વભાવમાં સ્થિર રહે
* જે ક્ષેત્રમાં જ્ઞાન - તે જ ક્ષેત્રમાં શરીર
  પણ no exchange of ગુણો
  Eg. શરીર જેવું દ્રવ્ય નથી - પરમાણુનો સંયોગ છે

---

* કોઈ જળાશયમાં શંખ હોય
  માટી સાથે છતાં માટીનો રંગ
  તેના સ્વરૂપમાં દેખાતો નથી - હંમેશાં સફેદ
* તેમ જ્ઞાની - પરિગ્રહના યોગમાં
  ભોગવિલાસ કરે છતાં તે
  અજ્ઞાનતા પામતા નથી
* પણ તે તો પોતાના જ્ઞાનની
  - કળાને બમણી કરે છે
  - અને ભ્રાંતિમય દશાનો નાશ કરે છે

---

* આત્મામાં વિલાસ કરનાર જ્ઞાની
  - પરિગ્રહ વચ્ચે છતાં નિર્જરા કરે છે
  - અજ્ઞાનરૂપ થતા નથી
* અજ્ઞાની પરિગ્રહને છોડે છતાં
  - તેની મૂર્ચ્છા હોવાથી
  સુખી / દુઃખી થાય છે

---

* જ્ઞાની દિનપ્રતિદિન જ્ઞાનકળા વધારતાં
  - મોહ ટળતો જાય - આનંદ, શુદ્ધિ વધતાં જાય
  - ભવસ્થિતિ ઓછી - સંસાર સુકાતો જાય છે

---

* આમ,
  જ્ઞાનનો મહિમા બતાવી
  જ્ઞાનીનો મહિમા બતાવે છે

**પ્રવચન–૨ તા. ૨૨–૧૧–૨૫ બપોર**

Episodes 248 - 251

Episode 248

<u>વીતરાગી ગુરુને નમસ્કાર</u>

<u>સમ્યગ્દૃષ્ટિ જીવ</u>

* મિથ્યાત્વ ગયું - રાગ ગયો

Eg. 90,009
left goes - right goes
અધ્યાત્મશૈલી

* સ્વ સિવાય - all પર

- Eg. For doctor - all patients
- Eg. For દુકાનદાર - all ઘરાક
- Eg. For fire - all fuel

* ઈચ્છાનાશ - વિષયની જરૂર નહીં

- Eg. રોગ ગયા પછી
ઔષધિની જરૂર રહેતી નથી
ઈચ્છા જ ન રહે

* પરપદાર્થ

- Eg. Walker
Use - but not
ઉત્સાહબુદ્ધિ - આદરણીય

---

* સમ્યગ્દૃષ્ટિ જીવ

- ભાષામાં પરવસ્તુને - મારી કહે
- શ્રદ્ધાનમાં પરવસ્તુને - ભિન્ન

Eg. વહુ tells સાસુ - મમ્મીજી

* મમત્વ - દુ:ખનું કારણ

- Not પરસંયોગ
- Eg. Monkey - pot - બોર
- ઉપયોગ બહાર નીકળ્યો
પરના અવલંબને તેથી અશુદ્ધ

* માલિકપણું

મમપણું
Eg. Rented house bought
ખુમારી / ખુશી increases

---

* જ્ઞાનીની ભક્તિમાં

- More of દશાપ્રધાનતા
than ઉપકારપ્રધાનતા
- કર્તાવાદ in bhakti less to make it તાત્ત્વિક

# Episode 249

## છંદ ૪૦

## વિષયવાસનાઓથી વિરક્ત રહેવાનો ઉપદેશ

### વિપરીત ગ્રહણ ન કરવું

* જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ હોય
  ત્યાં સુધી કર્મબંધ ન થાય
* અને જ્યારે મિથ્યાત્વભાવ વર્તે
  ત્યારે કર્મબંધ થાય છે

---

* આવી ચર્ચા સાંભળીને હે ભવ્ય
  - જો તું વિષયભોગમાં લાગીને
  - સંયમ, ધ્યાનને છોડી દઈશ
* અને પોતાને સમકિતી કહીશ તો
  - એકાંત જિનેશ્વરનો દ્રોહ છે
    અને તેથી તારું અહિત થશે
* માટે વિષયસુખોથી વિરક્ત થઈ
  આત્માનુભવને ગ્રહણ કરી
  મોક્ષસુખ તરફ વળવામાં જ બુદ્ધિમત્તા છે

---

* સ્વચ્છંદી ન થઈ જવાય
  જ્ઞાનીને ભોગ ભોગવતાં જોઈ
  નિર્જરા કરતાં દેખાય - તેથી આ છંદ
* મિથ્યાત્વભાવ વખતે બંધ
  સમ્યગ્જ્ઞાન વખતે નિર્જરા
  Not ક્ષયોપશમ જ્ઞાન - but સમ્યગ્જ્ઞાન
* જ્ઞાનીને બંધ થતો નથી
  એવું સાંભળીને જો કોઈ
  - શુભ વ્યવહારનો લોપ કરે
  - સ્વચ્છંદે વર્તે
  - ઉદયનું નામ દઈ ઈચ્છા પોષે
    તો તે જ્ઞાનીનો દ્રોહી છે
    એકાંત મિથ્યાત્વ પોષે છે

---

* શુભ વ્યવહારનો નિષેધ કરે
  અને ભોગમાં રત રહે - શિથિલ થાય
  Eg. ઢોલ વાગે છતાં રજપૂત કાયર રહે
* તો તે જ્ઞાનીનો દ્રોહ કરે છે
  પોતાને સમકિતી માની
  તે ડૂબે - ડુબાડે
* જ્ઞાનીનું અવલંબન - wrongly take
  - Not see દશા
  - Only બાહ્ય વર્તના
* સાચો જ્ઞાની કોણ?
  - પંચ ઇન્દ્રિયના રસથી વિમુખ
  - આત્મમગ્ન રહે
  - નિરંતર મોક્ષસન્મુખ રહે

---

* આમ, આ છંદમાં સમજાવ્યું કે
  જ્ઞાનીનો મહિમા સાંભળીને
  કોઈ એકાંતવાદી
* વિષયોમાં રત રહે અને
  - શુભ વ્યવહાર છોડી દે
  - પોતાને સમકિતી સમજે
* તેને સંબોધીને કહે છે
  - ભોગેચ્છા તો દશા નાશ કરનારી છે
  - માટે વિષયથી પાછો હઠ
  - આત્મસ્વરૂપ તરફ સન્મુખ થા
  - તો તું મોક્ષસુખ પામી શકશે
* હે જીવ!
  સ્વરૂપ તરફની સાવધાની કેળવ

## Episode 250

### છંદ ૪૧

### જ્ઞાની વિષયોમાં નિરંકુશ રહેતા નથી

**જ્ઞાની આસક્ત થતા નથી**

* જેના અંતરમાં જ્ઞાનકળા જાગૃત થઈ
  ચૂકી છે - તે સહજ વૈરાગી હોય છે
* જ્ઞાની હોય છતાં વિષયસુખમાં
  આસક્ત રહે એવી વિપરીત
  અવસ્થા સંભવિત નથી

---

* જ્ઞાનકળા / ભેદજ્ઞાન / સમ્યગ્જ્ઞાન થતાં
  શુદ્ધાત્મા ઉપર સતત દૃષ્ટિ
  Eg. ભાષા નાસ્તિની - પરિણામ અસ્તિનાં નીકળે
* તેથી એવું સુખ વર્તે કે
  - વિષયસુખ પ્રત્યે વૈરાગ્ય જાગે
  - Because તેમાંથી સુખબુદ્ધિ ગઈ
    ઉત્સાહબુદ્ધિ ગઈ
* જડ પ્રત્યે - રાગ પ્રત્યે
  - દ્વેષ ઉત્પન્ન થતો નથી
  - રાગ પરિણામ જ ઉત્પન્ન ન થાય
* Eg. પ્રકાશમાં અંધકાર છે જ નહીં
  તેમ ભોગપરિણામ જ થતાં નથી

---

* Not કૃત્રિમ વૈરાગ્ય (ત્યાગ)
  શોક / દુ:ખ / દ્વેષ નહીં
* સાચો વૈરાગ્ય - સહજ હોય
  લોકો તેને વૈરાગી માને કે નહીં
  તેની ચિંતા હોતી નથી

---

* બન્ને ગમે તેવું તો
  કદાપિ બને નહીં
  Eg. એક મ્યાનમાં બે તલવાર ન રહે
* સમ્યગ્જ્ઞાનના કારણે વૈરાગ્ય સહજ
  Eg. છાયાને change કરવી હોય તો
  પોતાને change (beliefs) કરવું જોઈએ
  Eg. લાડુ - કાંકરી - જીભથી કાઢી નાંખે

## Episode 251

### છંદ ૪૨

### જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે જ હોય છે

**જ્ઞાન / વૈરાગ્ય સાથે જ હોય**

* જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે
  ઉત્પન્ન થવાથી - મોક્ષમાર્ગ સધાય છે
* Eg. જેમ આંખો અલગ-અલગ
  રહીને જોવાનું કામ એકસાથે
  કરે છે

---

* એકસાથે બન્ને ઊપજે
  - વિના જ્ઞાન - વૈરાગ્ય is રૂંધાયેલો કષાય
  - વિના વૈરાગ્ય - જ્ઞાન is શુષ્ક
* વૈરાગ્ય = બહાર આવવા ન દે
  જ્ઞાન = ભીતર સ્થિર રાખે
* ભવથી / સંસારથી થાકેલો જ
  મોક્ષમાર્ગનો આરંભ કરી શકે
  'ભવે ખેદ' - 'માત્ર મોક્ષ અભિલાષ'
* Eg. આંખો જુદી હોવા છતાં
  જોવાની ક્રિયા એકીસાથે
  તેમ જ્ઞાન - વૈરાગ્ય
  એકીસાથે કર્મની નિર્જરા કરે
* તે વિના મોક્ષમાર્ગ
  સાધવામાં અસમર્થ છે

---

* જ્ઞાન અને વૈરાગ્ય સાથે રહી
  મોક્ષને સાધે છે
* Eg. જેમ બે આંખો જુદી જુદી છે
  છતાં પદાર્થને એકીસાથે જુએ છે
* જ્ઞાન વિનાનો વૈરાગ્ય કે વૈરાગ્ય વિનાનું જ્ઞાન
  મોક્ષમાર્ગ સાધવામાં અસમર્થ છે

**પ્રવચન-૩ તા. ૨૩-૧૧-૨૫ સવાર**

Episodes 252 - 256

Episode 252

<u>સમ્યગ્જ્ઞાનરૂપી Matchmaker</u>

<u>જ્ઞાન - શ્રદ્ધા</u>

* ત્રિકાળી પર દૃષ્ટિ
  - Eg. 4 sons - 4th નાનો - but for mother પૂરો - જ્ઞાન અને શ્રદ્ધા
* જ્ઞાન - શ્રદ્ધા
  ↓ ↓
  - Eg. પિતા - કન્યા
  - પિતા શોધ - કન્યા સ્વીકારે = જ્ઞાન જે નક્કી કરે શ્રદ્ધાને તેની પ્રતીતિ
* Eg. Matchmakers
  - વ્યવહારનય = finds - જે ત્રિલોકમાં ઘૂમતો હોય
    - Does lot
  - શુદ્ધનય = finds - અદ્ભુત નિધાનવાળો
    - Does nothing
* જ્ઞાન does the selection
  - Eg. PM નોકર કે માલિક? Draws salary
  - Bodyguards - same but - જ્ઞાન selects
  - PA હેસિયતમાં ફેર શ્રદ્ધા accepts

---

* ક્ષાયિકભાવથી પણ ભિન્ન
  - Eg. પડદા પર 4 movies = કર્મોદય - ઉપશમ / ક્ષયોપશમ - ક્ષાયિક
  - But remains શ્વેત - ક્ષાયિકભાવ not your સ્વરૂપ
* દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્ય પર
  - Eg. સોનીની દૃષ્ટિ આકાર પર નહીં
  - મૂલ્યાંકન according to નિશ્ચયનય (સોની) - wear according to વ્યવહારનય (સ્ત્રી)
* ત્રિકાળીનો આશ્રય કર
  - Eg. લસણ ખાય - કસ્તૂરીનો ઓડકાર?
  - Eg. ચીડિયા દાના ચુગ ગઈ પીછે

---

* પાણીની બુંદ

| | | |
|---|---|---|
| રેતીમાં - | ચુસાય | - વિષયકષાયમાં |
| કમળમાં - | ચમકે like મોતી | - શુભ ક્રિયામાં |
| સમુદ્રમાં - | વિલીન સમુદ્રમય બને | - આત્મામાં |

---

<u>દ્રવ્યાનુયોગનો સૂર</u>

* દ્રવ્યાનુયોગ - ત્રિકાળી પર દૃષ્ટિથી મોક્ષ
  ચરણાનુયોગ - પર્યાયની શુદ્ધિથી મોક્ષ
  કરણાનુયોગ - કર્મની નિર્જરાથી મોક્ષ
* દ્રવ્યાનુયોગનો સૂર
  - પરદ્રવ્ય - પરભાવ - પર્યાયથી ભિન્નતા કેળવવી (all in 1 category)
* સ્વાધ્યાય should be
  - Eg. Like a વ્યસન
    તેના વિના ન ચાલે

---

* આયોજનમાં પ્રયોજન ન ભૂલવું
  - Eg. See દર્પણ - though take દર્પણ
    પ્રયોજન face
    Buy દર્પણ - though see face
    પ્રયોજન is દર્પણ
  - Not જ્ઞેય - but જ્ઞાયકતા

---

* આત્મામાં ગુણસ્થાનક છે?
  - આગમ અભ્યાસી - yes
  - અધ્યાત્મ અભ્યાસી - no
    Because દૃષ્ટિ on ત્રિકાળી

# Episode 253

## છંદ ૪૩

## અજ્ઞાની જીવોની ક્રિયા બંધનું કારણ

## જ્ઞાની જીવોની ક્રિયા નિર્જરાનું કારણ

અજ્ઞાની - જ્ઞાની

* મૂર્ખ જીવ ક્રિયા કરતી વખતે

  ફળની અભિલાષા રાખે છે
  તેથી બંધરૂપ ફળ પામે છે

* જ્ઞાની જીવ ક્રિયા કરતી વખતે

  ફળની ઈચ્છારહિત હોય છે
  - તેથી તેમને બંધ ન લાગતાં
  - બમણી નિર્જરા થાય છે

* All ક્રિયા of

  અજ્ઞાની - બંધ કરાવે
  જ્ઞાની - નિર્જરા કરાવે

* Why?

  અજ્ઞાનીને ફળની ઈચ્છા છે
  જ્ઞાનીને પૂર્વકૃતનો ઉદય

* જ્ઞાનીની ક્રિયા

  ફળની ઈચ્છા વિનાની
  તેથી બંધ નહીં - નિર્જરા

* ક્રિયા કરે છે - વ્યવહારકથન

  અધ્યાત્મ અપેક્ષાએ માત્ર જ્ઞાતા
  રહેતા હોવાથી અકર્તા છે
  તો ભોક્તાબુદ્ધિ ક્યાંથી હોય?

* શુદ્ધાત્મા ઉપર જ દૃષ્ટિ

  - તો ઈચ્છા જ શેની?
  - સતત સમ્યક્ પ્રતીતિ રહે છે

* All seems like

  - Eg. Sandcastles    Eg. Dolls wedding
  - વ્યસ્તતા seems childishness

* મૂઢ છે એટલે અજ્ઞાની છે

  તે કર્મનો કર્તા બને છે કેમ કે
  તે ક્રિયા ફળની ઈચ્છાથી કરે છે

* પણ જ્ઞાની જે ક્રિયા કરે છે

  ફળની ઈચ્છા વગર ક્રિયા કરે છે
  તેથી બંધ થતો નથી

* તે તો બેવડી 'દૂની' નિર્જરા કરે

  - અહીં 'નિર્જરા દૂની' એ પદ
    કાવ્યનો પ્રાસ મેળવવાની
    દૃષ્ટિથી આપ્યું છે
  - સમ્યગ્દર્શન થયા પછી સમયે સમયે
    અસંખ્યાતગુણી નિર્જરા થાય છે

* Because

  - સાચી માન્યતા તેથી પરમાં
    સુખબુદ્ધિ નથી
  - તેનો રાગ કે વિકલ્પ નથી
    સ્વભાવમાં સાવધાન છે

# Episode 254

## છંદ ૪૪

## જ્ઞાનીના અબંધ - અજ્ઞાનીના બંધ પર

## કીડાનું દ્દષ્ટાંત

| કીડાનું દ્દષ્ટાંત | General |
|---|---|
| * Eg. જેમ રેશમનો કીડો<br>પોતાના શરીર ઉપર પોતે જ<br>જાળ વીંટે છે<br>* તેમ મિથ્યાદ્દષ્ટિ જીવ<br>કર્મબંધનને પ્રાપ્ત કરે છે<br>* Eg. જેમ ગોરખધંધા નામનો કીડો<br>જાળમાંથી નીકળી જાય છે<br>* તેમ સમ્યગ્દ્દષ્ટિ જીવ<br>કર્મબંધનમાં ફસાતા નથી | * અજ્ઞાની જીવ<br>Eg. ગોરવેલ કીડો<br>Born - lives - eats - dies in ગોબર<br>* કર્મના ઉદયમાં<br>અજ્ઞાની - પ્રપંચી બને છે<br>જ્ઞાની - મુક્ત રહે છે<br>* પોતાના જ રાગ / વિકલ્પમાં<br>બંધાય છે અજ્ઞાની<br>ઉદાસ રહી બંધાતા નથી જ્ઞાની<br>* Your ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ |
| * Eg. રેશમનો કીડો<br>પોતાના શરીરના પ્રેમને લીધે<br>જેમ પોતાના મોઢામાંથી લાળરૂપી<br>તાંતણો કાઢી - પોતાના શરીરને<br>વીંટે છે અને તેથી પોતે<br>બંધાય છે<br>* તેમ અજ્ઞાની કર્મ વિષે બંધાય છે<br>પણ જ્ઞાની બંધાતા નથી<br>તેઓ તો છૂટા જ રહે છે<br>* Eg. જેમ કરોળિયો<br>પોતાના મુખની લાળથી જાળ<br>બાંધે છે, પણ તે બંધાતો નથી<br>* જ્ઞાની<br>- સ્વભાવનો સ્વાદ તેથી<br>પરભાવમાં અટવાતા નથી<br>- ભલે યોગની ક્રિયા ચાલતી હોય | |

# Episode 255

## છંદ ૪૫

## જ્ઞાની જીવ કર્મના કર્તા નથી

### જ્ઞાની કર્મના કર્તા નથી

* જે જીવ સુખ ભોગવતાં
  આનંદિત થતો નથી કે
* દુઃખ ભોગવતાં
  સંતાપિત થતો નથી કે
  દુઃખ દેનાર પ્રત્યે દ્વેષભાવ નથી કરતો
* સમતાપૂર્વક શારીરિક કષ્ટોને
  સહન કરે છે

---

* જેના અંતરમાં દૃઢ ભેદવિજ્ઞાન
  પ્રગટ થઈ ચૂક્યું છે
* વળી, ક્રિયા કરીને ફળને નથી ઇચ્છતો
  તે સુવિચક્ષણ જીવ જ્ઞાની છે
* તેઓ ભોગ ભોગવતાં છતાં
  પણ તેને અમે કર્મ / ક્રિયાના
  કર્તા નથી કહેતા

---

* પૂર્વકર્મ ભોગવતાં વિરક્ત જ રહે છે
  Eg. Though hospital very nice still
  તેમાંથી છૂટી - ઘરે જવાની ભાવના
* તેમાં આસક્ત થતો નથી
  Eg. કન્યા પિતાને ત્યાં after
  marriage - આ મારું ઘર નથી
* પાપ - પુણ્યના ઉદયમાં
  વિરક્ત in both - લીન / દીન નહીં
  Because જ્ઞાન / વૈરાગ્ય શક્તિ
* જ્ઞાની in પુણ્યોદય - પરોપકાર, પ્રભાવના
  જ્ઞાની in પાપોદય - ભેદજ્ઞાન

---

* પ્રતિકૂળતામાં દીન ન બને
  આર્તધ્યાન કરે નહીં
  Eg. Movie જોતાં - હસે / રડે
  પણ ભીતર જાણે કે આ
  બધું કાલ્પનિક જ છે
  Eg. રામ cried for 6 months
* ઉપસર્ગ કરનાર પ્રત્યે
  દ્વેષ નહીં - શત્રુભાવ નહીં
  પીડામાં જ્ઞાતા રહે - સમત્વ ધારે
* સુખનો કર્તા છે - તેથી મિત્રભાવ
  દુઃખનો કર્તા છે - તેથી શત્રુભાવ
  શત્રુ-મિત્ર નહીં - સમતાભાવ

---

* ભેદવિજ્ઞાન જેનું અત્યંત દૃઢ
  - તે ક્રિયાનું ફળ ઇચ્છતા નથી
  - Different situationsમાં પણ દીન નહીં
    વિલાપ નહીં
  - જ્ઞાનધારા નિરંતર વર્તે - no ચિંતા
  - ક્રિયામાં એકત્વ નહીં
  - સુખબુદ્ધિ નથી though in - સંયોગ
    - ક્રિયા કરે
* તેને જ સમ્યગ્જ્ઞાની કહેવાય
  તે સિવાય others just
  ક્ષયોપશમજ્ઞાનના ધારક
* જેની આવી દશા હોય
  તેને કર્મનો કર્તા કેમ કહી શકાય?
  તે તો કર્મથી ઉદાસીન છે
  Eg. ક્રિયા - બળી સીંદરીવત્

# Episode 256

## છંદ ૪૬

## સમ્યગ્જ્ઞાનીનો વિચાર

**સમ્યગ્જ્ઞાની**

* જેની સમ્યગ્દષ્ટિમાં

ઈષ્ટાનિષ્ટનો ભેદ નથી

* જેનો આચાર

શુદ્ધ છે

* જેના વિચારો

સ્પૃહણીય છે

* જેનું ધ્યાન

શુભ છે

* સ્વાર્થનો ત્યાગ કરી

પરમાર્થમાં જેનું ચિત્ત લાગેલું છે

* જેને વેપારમાં

નફો કે નુકસાન નથી

* જેની સમજણમાં શરીર

Eg. ચોખાનાં ફોતરાંની જેમ
Eg. તલવારથી મ્યાનની જેમ જુદું છે

* જે જીવ-અજીવ પદાર્થોના

પારખી છે

* મિથ્યાત્વાદિનો જે

જ્ઞાતાદ્રષ્ટા - સાક્ષીમાત્ર છે

* તે જ સાધુ સાચો જ્ઞાની છે

તેને જ યથાર્થ જ્ઞાન છે

---

* જેની જ્ઞાનદષ્ટિમાં

સારાં / નરસાં કર્મના વિપાક
સરખા ગણાય છે (કાંટા-ચંદનલેપ)
ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ ગઈ છે
સંયોગોનો ખેલમાત્ર લાગે
(ઈષ્ટ - જે સારું લાગે
અનિષ્ટ - જે સારું ન લાગે)

* ઘટના is a ઘટના

Good / bad is your projections
Because of your beliefs / કષાય

* જેની પ્રવૃત્તિ અને વૃત્તિ

પોતાના સ્વરૂપના ધ્યાનમાં રહે છે
શુદ્ધોપયોગ તરફ

* કૃત્રિમ પ્રયત્ન ન કરવા પડે

ધ્યેયનો જ રસ હોવાથી
પ્રતીતિધારાથી અનુભવધારા

* જે વિભાવની પરિણતિના

ત્યાગી છે - સંયોગોમાં હાનિ / વૃદ્ધિ માનતા નથી

* જે અધ્યાત્મરૂપ પરમાર્થમાં જ લાગી રહ્યા છે

લૌકિક પ્રયોજન (સ્વાર્થનાં)
છોડી સન્માર્ગે ચાલે છે

* જેના વચનવ્યવહારથી કોઈને

લાભ / હાનિ નથી - મૌન જ રહે
નુકસાનકારક નથી

* જે શરીરને

Eg. ચોખાનાં ફોતરાં સમાન જાણે છે
Eg. તલવાર-મ્યાનની જેમ જુદાં જાણે છે

* જે પદાર્થના પારખી છે

Parekh - કામ જ પારખવાનું
વિવેકવંત છે

* તે જ સાધુ છે
તે જ જ્ઞાની છે

તે ધર્માત્માને સાચું જ્ઞાન છે